Office of the District Magistrate, Jamnagar District

નં.ડીએમ/ડીસીએચ/પ્રવેશબંધી/૨૪/૨૦૨૨
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,
જામનગર. તા.૦૧ /૧૨/૨૦૨૨

**ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ –૩૩(૧)(ખ) હેઠળનું જાહેરનામું**

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી–૨૦૨૨ અન્વયે જામનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગોની મતગણતરી તા.૦૮/૧૨/૨૦૨૨ ના રોજ ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલીત બી.બી.એ./એમ.બી.એ. કોલેજ (હરીયા કોલેજ), ઈન્દીરા માર્ગ, ઉધોગનગરની પાસે, જામનગરના બિલ્ડીંગમાં યોજાનાર છે. સદરહુ કામગીરી દરમ્યાન ટ્રાફીકની સમસ્યા ન ઉદભવે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ તે માટે પોલીસ અધિક્ષકશ્રી, જામનગરના તા.૦૫/૧૨/૨૦૨૨ ના પત્ર નં.સીબી/વર્ક/૨૭૯૭/૨૦૨૨ થી તા.૦૮/૧૨/૨૦૨૨ ના રોજ ગોકુલનગર આશાપુરા સર્કલ થી સાંઢીયા પુલ સુધીના માર્ગ પર તમામ પ્રકારના વાહનો પર પ્રતિબંધ ફરમાવવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત મળેલ છે.

સદરહુ જગ્યાએ ટ્રાફિક જામની સ્થિતિ નિવારવા ટ્રાફિકવાળા રસ્તા વૈકલ્પીક રસ્તાઓ ઉપર વાળવા, ગેરવ્યવસ્થા અટકાવવા તથા કાયદો અને વ્યવસ્થા જાળવવાની દ્રષ્ટીએ પોલીસ અધિક્ષકશ્રી, જામનગર તરફથી મળેલ દરખાસ્ત વ્યાજબી અને ઉચિત જણાય છે.

જેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર, જિ.જામનગર**, ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, **તા.૦૮/૧૨/૨૦૨૨ ના સવારના ૦૬.૦૦ કલાકથી મતગણતરી પુર્ણ ન થાય ત્યાં સુધી ગોકુલનગર આશાપુરા સર્કલથી સાંઢીયા પુલ સુધીના માર્ગ પર તત્કાલીન વાહનવ્યવહાર બંધ રહેશે તેમજ અવર–જવર માટે વૈકલ્પીક માર્ગની વ્યવસ્થા નીચે મુજબ રહેશે.**

**–: વૈકલ્પીક માર્ગ:–**

ઉપરોકત સમય દરમ્યાન આશાપુરા સર્કલથી સમર્પણ સર્કલ–ખંભાળીયા બાયપાસ– સાંઢીયા પુલ તરફના રસ્તો જવા આવવા માટે ઉપયોગ કરી શકાશે.

**–: અપવાદ :–**

વિધાનસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૨ અન્વયે ફરજમાં રોકાયેલા તમામ વાહનો, ઈમરજન્સી સેવામાં રોકાયેલ એમ્બ્યુલન્સ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તથા ફાયર સર્વિસને તેમજ ચૂંટણી અધિકારી તથા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા મંજુરી આપવામાં આવેલ હોય તેવા વાહનોને મુકિત આપવાની રહેશે.

આ જાહેરનામું તાત્કાલિક અસરથી અમલમાં લાવવું જરૂરી હોય, ગુજરાત પોલીસ અધિનિયમ –૧૯૫૧ની કલમ–૩૩(૬) ના પરંતુકની જોગવાઈ મુજબ તાત્કાલિક અસરથી અમલમાં લાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે સંબંધીત થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની જાહેર જનતાને જાણ થાય તે પોલીસ અધિક્ષકશ્રી, જામનગરએ તેની બહોળી પ્રસિધ્ધી કરાવવાની રહેશે.

આજ તા. ૦૭ માહે: ડિસેમ્બર–૨૦૨૨ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડવામાં આવ્યું.

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના :–

1) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર
2) નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર
3) ચૂંટણી અધિકારી ૭૬–કાલાવડ(અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ
4) ચૂંટણી અધિકારી ૭૭–જામનગર(ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર(ગ્રામ્ય)
5) ચૂંટણી અધિકારી ૭૮–જામનગર ઉતર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી,જામનગર(શહેર)
6) ચૂંટણી અધિકારી ૭૯–જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર
7) ચૂંટણી અધિકારી ૮૦–જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર
8) સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય), ધ્રોલ, લાલપુર
9) નાયબ પોલીસ અધિક્ષક, જામનગર શહેર/ગ્રામ્ય વિભાગ
10) મામલતદારશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય), લાલપુર, જામજોધપુર, ધ્રોલ, જોડીયા, કાલાવડ
11) પોલીસ ઈન્સપેકટરશ્રી, સીટી સી ડીવી. પો.સ્ટે. જામનગર
12) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજય), જામનગર
13) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર
    ...સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ અપાવવા વિનંતી સહ.
14) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ
    ...રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધી અપાવી તેની પાંચ નકલો મોકલી આપવા વિનંતી સહ.
15) આઈ.સી.ટી. ઓફીસરશ્રી, કલેક્ટર કચેરી, જામનગર
    ..... ઉક્ત જાહેરનામાંને અત્રેની કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
16) સિલેકટ ફાઈલ.

નકલ સવિનય રવાના –:

1) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.